ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત
સાબરકાંઠા - અરવલ્લી

તા. ૫-૫-૨૦૨૧, બુધવાર



# મોડાસામાં આજથી પાંચ દિવસ સંપૂર્ણ લોકડાઉન

## વેપારીઓ ધંધા-રોજગાર બંધ રાખશે : હોસ્પિટલ, મેડીકલ સ્ટોર્સ, લેબોરેટરી ખુલ્લી રહેશે, સવાર-સાંજ દૂધ-શાકભાજીનું વેચાણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

અરવલ્લી જિલ્લાના વડામથક મોડાસામાં કોરોનાએ કાળો કેર વર્તાવ્યો છે. દરરોજ મોડાસામાં ૧૦થી વધુ લોકોના મોત નિપજતાં સ્મશાન ગૃહમાં મડદાંની કતાર લાગી રહી છે. કોરોનાથી પ્રજાને બચાવવા માટે લૉકડાઉન એકમાત્ર વિકલ્પ છે ત્યારે મોડાસા ચેમ્બર ઓફ કોમર્સ-નગરપાલિકા અને સ્થાનિક વહીવટી તંત્રએ બેઠક યોજી આજે બુધવાર થી રવિવાર સુધી કુલ-૫ દિવસનું સંપૂર્ણ લૉકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. વેપારીઓ ફરજીયાત તેમના ધંધા-રોજગાર બંધ રાખી કોરોનાની મહામારીની લડતમાં સહયોગ આપશે. મોડાસાના ટાઉન હોલમાં યોજાયેલી બેઠકમાં કોરોનાના વધતા મૃત્યુ દરથી ચિંતા વ્યક્ત કરી લૉકડાઉનનો નિર્ણય લેવાયો છે. હોસ્પિટલ, મેડીકલ સ્ટોર્સ અને લેબોરેટરી ખુલ્લી રહેશે પરંતુ દૂધ અને શાકભાજીનું સવારે ૭-૦૦ થી ૧૦-૦૦ અને સાંજે ૫-૦૦ થી ૮-૦૦ દરમ્યાન વિતરણ થઈ શકશે. બેઠકમાં નગરપાલિકાના અધિકારી-પદાધિકારીઓ, ચેમ્બર્સ ઓફ કોમર્સના અધિકારીઓ અને પોલીસ અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

ઉત્તર ગુજરાતમાં આરોગ્ય વિભાગના દફતર ઉપર અરવલ્લી જિલ્લામાં કોરોનાના ઓછા કેસ બતાવાય છે. દરરોજના ૧૨ થી ૧૬ લોકો મોતને ભેટ્યા હોવા છતાં ક્યારેક મોતના આંકડા દર્શાવાતા નથી. પરંતુ સ્થાનિક વેપારીઓ અને પ્રજાને ખ્યાલ છે કે મોડાસામાં સ્થિતિ કાબુ બહાર છે. મોટાભાગના સોસાયટી વિસ્તારોથી માંડી કસ્બા તેમજ અન્ય સ્લમ વિસ્તારમાં કોરોનાના દર્દીઓ ઘેર..ઘેર જોવા મળે છે. હજારો લોકો હોમ આઈસોલેશનમાં છે. મોડાસા શહેરની એકપણ કોવિડ હોસ્પિટલમાં બેડ ખાલી નથી. પાછલા ૧૦ દિવસમાં જ મોડાસાના ૮૦ થી વધુ લોકોના મોત નિપજ્યાની આશંકા છે. અગાઉ જાહેર કરાયેલા સ્વૈચ્છીક લૉકડાઉનમાં અનેક વેપારીઓએ સહકાર આપ્યો ન હતા જેથી આવા લાલચુ વેપારીઓ સામે પ્રજામાં આક્રોશ ઉભો થયો હતો. શહેરના અગ્રણી બિલ્ડર કમલેશ પટેલે પણ અન્ય શહેરો અને ગામડાં સ્વયંભૂ લૉકડાઉનનો અમલ કરે છે પરંતુ મોડાસામાં વેપારીઓ દ્વારા દુકાનો ખુલ્લી રખાતાં પોતાની હૈયાવરાળ સોશ્યલ મીડીયામાં વ્યક્ત કરી હતી. છેવટે સ્થાનિક તંત્ર અને પાલિકાના પદાધિકારીઓ અને ચેમ્બર ઓફ કોમર્સના હોદેદારોએ મોડાસાની પ્રજાને વિકરાળ કોરોનાથી બચાવવા ૫ દિવસના સ્વયંભૂ લૉકડાઉનનો નિર્ણય લેવાયો છે. મોડાસા શહેરના જાણીતા કેળવણીકાર બિપીનભાઈ શાહે પણ મોડાસામાં લૉકડાઉનના નિર્ણયને યોગ્ય પગલું ગણાવ્યું છે.

### મોડાસાના બિલ્ડરની સોશિયલ મીડીયામાં મૂકેલી પોસ્ટ અસરકારક

મોડાસાના જાણીતા બિલ્ડર કમલેશ એસ. પટેલે તા.૨૯ એપ્રિલના રોજ સાંજે સોશ્યલ મીડીયા ઉપર પોસ્ટ મૂકી હતી જેમાં..

આજે જોગાનું જોગ અમદાવાદ જવાનું થયું, મોડાસા પછી ધનસુરા, વડાગામ, તાજપુર, રખિયાલ, દહેગામ અને છેલ્લે આખું અમદાવાદ બંધ..ક્યાંય ચા કે પાણી ન મળ્યું, પણ મોડાસા શહેર આખું ખુલ્લું છે પછી કોરોનાને આપણા શહેરમાં ફાવે કે ના ફાવે..?? આપ જણાવો.



### ઉત્તર ગુજરાતમાં ફરી સંપૂર્ણ લૉકડાઉનના ભણકારા, વેપારીઓ અસમંજસમાં..!!

#### સુપ્રિમ કોર્ટના સૂચન પછી લોકડાઉનની સંભાવના વધી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

ઉત્તર ગુજરાત કોરોનાના ખપ્પરમાં હોમાઈ રહ્યું છે. દરરોજ ૫ જિલ્લામાં સરેરાશ ૧૫ થી ૨૦ લોકોના મોત નિપજી રહ્યા છે. દૈનિક ૧૦ હજારથી વધુ લોકો સંક્રમિત થઈ રહ્યા છે. ત્યારે ઉત્તર ગુજરાત સહિત સમગ્ર દેશમાં કોરોનાના કારણે સ્થિતિ વણસી છે અને દેશની સર્વોચ્ચ અદાલત સુપ્રિમ કોર્ટે પણ દેશમાં ફરી સંપૂર્ણ લૉકડાઉન લાદવા સૂચન કર્યું છે. રાજ્ય સરકાર પણ ગમે તે ઘડીએ લૉકડાઉનનો નિર્ણય લે તેવી સંભાવના છે. આ સંજોગોમાં ઉત્તર ગુજરાતમાં પણ ફરી લૉકડાઉનના ભણકારા વચ્ચે વેપારીઓ અસમંજસમાં આવી ગયા છે. પાલિકા અને તાલુકા મથક વિસ્તારના વેપારીઓએ આપણા ત્યાં લૉકડાઉન તો નથી આવતું ને..?? તેવી છેલ્લા ૨ દિવસથી પૂછપરછ શરૂ કરી છે.

સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં છેલ્લા એક પખવાડીયાથી કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. પાછલા ૧૫ દિવસમાં કોરોનાથી બિનસત્તાવાર ૫૦૦ થી વધુ લોકોના મોત નિપજ્યા છે. ભલે સરકારી દફતર ઉપર આંકડો ઓછો બોલતો હોય પરંતુ જે વિસ્તારોમાં કોરોનાના કારણે લોકોએ દમ તોડ્યા છે તે વિસ્તારની પ્રજાને ખ્યાલ છે કે કોરોના કેટલો ઘાતક છે. ઉત્તર ગુજરાતની સરકારી કોવિડ હોસ્પિટલ અને ડેજીગ્નેટેડ ખાનગી કોવિડ હોસ્પિટલમાં દર્દીઓને બેડ મળતા નથી, ઓક્સિજનની અછત છે, રેમડેસિવિર ઈન્જેક્શન માટે દર્દીઓના સગાઓ ૪ થી ૫ ગણો ભાવ આપવા તૈયાર છે તે બધી બાબત જોતાં કોરોનાનું રૌદ્ર સ્વરૂપ નજર અંદાજ કરી ન શકાય.

કોરોનાનું સંક્રમણ બેકાબુ બનતાં ગામડાઓમાં વધુ જાગૃતતા દેખાઈ, એક પછી એક ગામડાઓમાં સ્વયંભૂ લૉકડાઉન પછી શહેરી વિસ્તારમાં વેપારીઓએ આંશિક અને ત્યારબાદ સ્વયંભૂ લૉકડાઉનનો અમલ કર્યો તેમ છતાં બીજી લહેરમાં મૃત્યુ આંક ચોંકાવનારો છે. રાજ્ય સરકાર અને તેના વિભાગોએ પણ નોંધ્યું છે કે બીજી લહેરના કોરોનાના સંક્રમણમાં બાળકો, યુવાઓના પણ સંક્રમિત થવા સાથે મૃત્યુ દર વધ્યો છે. રાજ્ય સરકારે વન વિભાગને પણ કોરોનાના કારણે મૃત્યુ દર વધતાં જલાઉ લાકડા જે તે વિસ્તારમાં માંગ પ્રમાણે મફત આપવાનો તાબાની વન કચેરીઓને પરીપત્ર કર્યો છે. આના ઉપરથી જ રાજ્ય સહિત ઉત્તર ગુજરાતમાં કોરોનાના વરવા સ્વરૂપનો અંદાજ આવી શકે છે. આગામી દિવસો વધુ પડકારજનક છે તેવું જણાતાં કેટલાક વિસ્તારોમાં વેપારીઓએ ૫ દિવસથી એક સપ્તાહના લૉકડાઉનની જાહેરાત કરી છે ત્યારે ઉત્તર ગુજરાતમાં ફરી એકવાર સંપૂર્ણ લૉકડાઉન એકમાત્ર કોરોનાને હરાવવા માટે વિકલ્પ બચ્યો છે.

# સંક્રમણમાં સતત વધારો, બજારોમાં બપોર બાદ સન્નાટો

## મહેસાણા-૫૦૦૦, પાટણ-૧૮૯૦, સાબરકાંઠા-૧૪૭૦ સહિત ઉત્તર ગુજરાતમાં ૧૦,૪૦૦ સંક્રમિત કેસ, ૧૨ નાં મોત : વેક્સિનેશનના કાર્યક્રમ જાહેર પરંતુ અનેક સ્થળ ઉપર કોઈ દેખાતું નથી

બાયડ તા.૦૪

કોરોનાના સંક્રમણને કાબુમાં લેવાના મરણિયા પ્રયાસોમાં ધારી સફળતા મળી નથી. સતત ચોથા દિવસે ઉત્તર ગુજરાતમાં ૧૦ હજારથી વધુ લોકો સંક્રમિત થયા છે. ગત રોજ ૧૦,૪૩૪ લોકો સંક્રમિત થયા હતા જેમાં મહેસાણા-૪૯૯૭, પાટણ-૧૮૯૧, સાબરકાંઠા-૧૪૭૨, બનાસકાંઠા-૧૦૮૮, અરવલ્લી-૯૮૬ લોકો એક જ દિવસમાં સંક્રમિત થયા છે. જ્યારે કોરોનાથી ૧૨ લોકોના મોત નિપજ્યા છે. અરવલ્લી જિલ્લામાં કોરોનાથી ૮ લોકોનાં મોત નિપજ્યાં હોવા છતાં સરકારી દફતરે એકપણ મોત બતાવાયું નથી. જ્યારે એકમાત્ર વેક્સિનેશન જ કોરોનાથી બચવા માટેનો ઉપયા છે ત્યારે ઉત્તર ગુજરાતના આરોગ્ય વિભાગ દ્વારા દરરોજ વેક્સિનેશન માટેના કાર્યક્રમ જાહેર થાય છે પરંતુ કેટલાક વિસ્તારોમાં નિયત કરાયેલા સ્થળ ઉપર કોઈ દેખાતું નથી જેના કારણે વેક્સિનેશનના કારણે પ્રથમ અને બીજો ડોઝ લેવા આવેલા અનેક લોકો આરોગ્ય વિભાગના અણઘડ આયોજન સામે રોષ ઠાલવી રહ્યા છે. સંક્રમણ વધતાં મંગળવારે જિલ્લાના બજારોમાં સવારે લોકોની ભીડ જોવા મળી પરંતુ બપોર બાદ સન્નાટો જોવા મળ્યો હતો.

સરકાર અને આરોગ્ય વિભાગ વેક્સિનેશનનો વ્યાપ વધારવાના પ્રયાસો કરે છે પરંતુ તેમના જ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ વેક્સિનેશનમાં કેવી રીતે અવરોધ ઉભો થાય તેનાં ત્રાગાં રચી રહ્યા છે. અરવલ્લી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં મંગળવારે રસીકરણ માટે જાહેર કરાયેલા સ્થળો ઉપર કોઈ ટીમ આવી ન હતી અને આ અંગે આરોગ્ય વિભાગના જવાબદારનો સંપર્ક કરતાં ટીમ આવી ગઈ છે થોડીવાર રાહ જુઓ તેવા જવાબ આપ્યા હતા પરંતુ દોઢ કલાક પછી પણ ટીમ ડોકાઈ ન હતી જેના કારણે અસહ્ય ગરમી અને બફારામાં વેક્સિનેશન માટે આવેલા ૪૫ વર્ષથી વધુ વયના લોકોમાં રોષ જોવા મળ્યો. કોરોનામાં મૃત્યુ દર ઉંચકાયા પછી ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના બેલગામ બન્યો છે. અસંખ્ય લોકોના મોત નિપજ્યા છે જેથી ફફડેલી પ્રજાએ હવે વેક્સિનેશન માટે ઉત્સુક્તા દર્શાવી છે જેથી અનેક વિસ્તારોમાં વેક્સિનનો ડોઝ ખૂટી જાય તેવી સ્થિતિ છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં આંકડા મુજબ વેક્સિનેશનની સારી કામગીરી છતાં સંક્રમિતોની સંખ્યામાં ઉછાળો આવ્યો છે. ટૂંક સમયમાં જ વેપારીઓ સ્વયંભૂ અથવા આંશિક લૉકડાઉનનો માર્ગ અખત્યાર કરી શકે તેવી સંભાવના વચ્ચે મૃત્યુ દર સરકારી દફતરે ઘટ્યો છે પરંતુ સ્મશાન ગૃહના આંકડા વધુ ચોંકાવનારા છે.





# જિલ્લામાં લમણા શેકતી ગરમીથી પ્રજા ત્રાહીમામ, કોરોના ચેપના ભયથી એ.સી. બંધ

## આજે તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને પાર કરે તેવી સંભાવના

કોરોનાની ચપેટમાં આવેલા સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૨ દિવસથી લમણા શેકતી ગરમીથી પ્રજા ત્રાહીમામ થઈ ગઈ છે. પંખાનો ગરમ પવન પણ અસહ્ય થયો છે પરંતુ કોરોના ચેપ લાગવાના ભયથી દુકાનદારો અને અનેક પરિવારો એ.સી. બંધ રાખ્યા છે. પરંતુ જે રીતે તાપમાનનો પારો ઉંચકાઈ રહ્યો છે તે જોતાં પ્રજાને માત્ર એ.સી. સહિતનાં ઉપકરણ જ ઠંડક આપી શકશે. આજે બુધવારે તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને આંબે તેવી સંભાવના છે.

ગરમી, બેરોજગારી, વધતી મોંઘવારી અન્ય રોગચાળો, કોરોનાના કારણે હોંશિયામાં ધકેલાઈ ગયા છે. હવે કોઈપણ પરિવારમાં સાદો તાવ કે અન્ય બિમારી જૂજ પ્રમાણમાં જોવા મળે છે પરંતુ કોરોનાએ ઘેર..ઘેર થપ્પા દીધા હોય તે રીતે અનેક લોકો સંક્રમિત થયા છે. કોરોનાથી ડરવાની જરૂર નથી. સંક્રમિત થયા હોય તો હોમ આઈસોલેશન થઈ જવું અને તકલીફ વધુ હોય તો હોસ્પિટલાઈઝ થવામાં પરિવારનું અને મહોલ્લાનું ભલું છે તે સંક્રમિત વ્યક્તિઓએ ઝડપથી સમજી લેવું પડશે. કાળઝાળ ગરમીએ પોતાનો પરચો બતાવ્યો છે પરંતુ કોરોનાના વાવાઝોડામાં ગરમી પણ પ્રજાને અસર કરતી નથી પરંતુ એકલ દોકલ પ્રજા બેઠી હોય ત્યારે લમણા શેકતી ગરમીનો ઘરમાં અને બહાર અનુભવ કરે છે. મૂંગા પશુઓ પણ અસહ્ય ગરમીમાં વિહવળ જોવા મળ્યા. મૂંગા પશુઓ માટે ઘાસચારો અને પાણીની વ્યવસ્થા કરતા લોકો પણ કોરોનાથી ભયભીત બની સેવા કાર્યથી થોડાક દૂર થયા છે જેથી મૂંગા પશુઓની સમસ્યામાં વધારો થયો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર તા.૫ થી ૧૩ મે. સુધી તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને આંબેલો રહેશે.



# આકરૂન્દના નિવૃત્ત પ્રાથમિક શિક્ષિકાનું કોરોનાથી મોત

## સપ્તાહમાં કોરોનાથી ચારનાં મોત : બેકાબુ બનેલા કોરોના સંક્રમણ સામે પ્રજાએ સાવચેતી રાખવી જરૂરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

ધનસુરા તાલુકાના આકરૂન્દના નિવૃત્ત પ્રા.શિક્ષક બબુબેન રામભારથી ગોસ્વામી (ઉ.૮૨ વર્ષ)નું કોરોનાના કારણે મોત નિપજતાં સમસ્ત ગોસ્વામી સમાજ સહિત પંથકમાં શોકની લાગણી ફરી વળી છે. પાછલા એક સપ્તાહમાં કોરોનાથી આકરૂન્દમાં ૪ નાં મોતથી માતમ છવાયો છે. બેકાબુ બનેલા કોરોના સંક્રમણથી પ્રજાને બચાવવા વેપારીઓએ સ્વયંભૂ અને આંશિક લૉકડાઉનનો અમલ શરૂ કર્યો છે. પરંતુ પ્રજાએ પણ હવે સાવધાની રાખવાની જરૂર છે.



કોરોનાએ શહેરની સાથે હવે ગ્રામ્ય વિસ્તારોને સંક્રમિત કર્યા છે. ગામડાઓ કોરોનાના સુપર સ્પ્રેડર બની જતાં અનેક વિસ્તારોમાં સરકાર દ્વારા હોમ આઈસોલેશન સેન્ટર શરૂ કરવામાં આવ્યાં છે. આકરૂન્દ ગ્રામ પંચાયત વિસ્તારમાં કોરોનાનો ચેપ ન પ્રસરે તે માટે સરપંચ લલીતાબેન એમ. પટેલ, ઉપસરપંચ દિનેશભાઈ એચ. પટેલ અને તેમની ટીમે પૂરતી તકેદારી રાખવાની સાથે જરૂર જણાઈ ત્યારે લૉકડાઉનનો અમલ કર્યો હતો પરંતુ ગામમાં ખરીદી માટે આવતા લોકો તેમજ અન્ય ગામના લોકોને કોરોનાનું સંક્રમણ થયા પછી સંક્રમિત કેસમાં ઉછાળો આવ્યો હતો. આકરૂન્દ પ્રાથમિક શાળામાં વર્ષો સુધી પ્રા.શિક્ષક તરીકે સેવાઓ આપનાર બબુબેન ગોસ્વામીનું ઓક્સિજન લેવલ ઘટી જતાં તાબડતોબ સારવાર શરૂ કરવામાં આવી હતી. પરંતુ આખરે જીંદગી સામેનો જંગ હાર્યા હતા. જ્યારે આકરૂન્દ ગામના બાયડમાં રહેતા હરેશભાઈ સોની, સંજયભાઈ પંચાલનું પણ કોરોનાથી તાજેતરમાં મોત નિપજ્યું હતું. જ્યારે તાજેતરમાં જ આકરૂન્દ ગામના કનુભાઈ કેશરભાઈ પટેલનું પણ કોરોનાથી મોત નિપજતાં સપ્તાહમાં કોરોના આકરૂન્દ ગામના ૪ નાગરિકોને ભરખી ગયો છે.

# બાયડમાં કોરોનાનો ક્રૂરપંજો ફરી વળ્યો, પાલિકા દ્વારા ગામ અને સોસાયટી વિસ્તારમાં યુદ્ધના ધોરણે સેનેટાઈઝ શરૂ

## બાયડ પાલિકાના સહયોગથી ગણેશ યુવક મંડળે કામગીરી આરંભી, પાલિકા દ્વારા પણ સેનેટાઈઝની કામગીરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

અરવલ્લી જિલ્લામાં મોડાસા પછી બાયડમાં કોરોનાના કારણે વધુ લોકોના મોત નિપજ્યા છે. પાછલા ૩ દિવસમાં બાયડના ૩ વેપારીઓના મોતથી હાહાકાર મચ્યો છે. કોરોનાના સંક્રમણમાં પ્રજાએ કામ વગર બહાર ન નિકળવું જોઈએ તેમજ સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા બાયડ પાલિકા દ્વારા અપીલ કરવામાં આવી છે અને હવે પાલિકા દ્વારા બાયડ ગામ અને સોસાયટી વિસ્તારમાં યુદ્ધના ધોરણે સેનેટાઈઝની કામગીરી શરૂ કરવામાં આવી છે. ગત રોજ બાયડ ગામ ગણેશ યુવક મંડળે બાયડ નગરપાલિકાના સહયોગથી બાયડગામ ઉપરાંત કોવિડની સારવાર કરતી હોસ્પિટલો અને શોપીંગમાં સેનેટાઈઝની કામગીરી પૂરી કરી છે. જ્યારે પાલિકા દ્વારા પણ અનેક સોસાયટી વિસ્તારોને આવરી લઈને દરરોજ સેનેટાઈઝેશનની કામગીરીનો વ્યાપ વધાર્યો છે.



બાયડના વેપારીઓએ કોરોના સામેના સંકટમાં લડવા માટે પાલિકાનો અમૂલ્ય સહયોગ આપ્યો. શરૂઆતમાં આંશિક લૉકડાઉન અને ત્યારબાદ ૯ દિવસનું સંપૂર્ણ લૉકડાઉન સ્વયંભૂ સફળ રહ્યું હતું પરંતુ તેમ છતાં કોરોનાનો બિહામણો ચહેરો છૂપો રહ્યો નથી. એક પછી એક ફરસાણ, ઓટોમોબાઈલ્સ સહિતના ૩ વેપારી અને ૧૫ જેટલા અન્ય લોકોના કોરોનાથી મોત નિપજ્યા છે. કોરોનાની ગંભીરતા સમજીને બાયડના લોકોએ રસીકરણમાં ઉત્સાહ દાખવ્યો છે અને પાલિકાએ પણ બાયડની પ્રજા અને વેપારીઓના આરોગ્યની ચિંતા કરી યુદ્ધના ધોરણે સેનેટાઈઝની કામગીરી શરૂ કરી છે. બાયડ પાલિકા વિસ્તારમાં ૭૦ ટકાથી વધુ સેનેટાઈઝની કામગીરી પૂર્ણ થઈ છે. આગામી ૩ દિવસમાં સમગ્ર પાલિકા વિસ્તારને સંપૂર્ણ સેનેટાઈઝ કરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.




# બાયડમાં કોરોનાથી મોતની હારમાળા, વધુ એક વૈષ્ણવ યુવાનને કોરોના ભરખી ગયો

## સોસાયટીમાં કોરોનાથી કુલ મૃત્યુ આંક-૫, દહેશતનો માહોલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

બાયડમાં કોરોનાથી મોતની હારમાળા સર્જાઈ છે. બાયડના બસ સ્ટેશન વિસ્તારની સોસાયટીમાં રહેતા વધુ એક વૈષ્ણવ યુવાને કોરોના ભરખી જતાં વૈષ્ણવ સમાજમાં શોક છવાયો છે. એક જ સોસાયટીમાં કોરોનાથી ૩ મહિનામાં ૫ નાં મોત નિપજતાં ઘેર..ઘેર શોકના માહોલ જેવી સ્થિતિ છે. કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યા પછી બાયડમાં એક પછી એક જીંદગીઓ હોમાઈ રહી છે. બાયડમાં બે યુવાનોને કોરોના ભરખી ગયાની કાળી શાહી સૂકાઈ નથી ત્યાં બાયડની ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા પરેશભાઈ દશરથભાઈ શાહ (ચોઈલાવાળા)ની એકાએક તબિયત લથળી અને વેન્ટીલેટરની જરૂરીયાત ઉભી થઈ. વાત્રક, મોડાસા અને હિંમતનગરમાં વેન્ટીલેટર માટેના પ્રયાસો શરૂ કર્યા પરંતુ ક્યાંય વેન્ટીલેટર ન મળ્યું અને મોંડી રાત્રે આખરે યુવાને હોસ્પિટલમાં જ આખરી શ્વાસ લીધા. બાયડ તાલુકાની વાત્રક સરકારી કોવિડ હોસ્પિટલમાં સરકારે વેન્ટીલેટર આપ્યા છે પરંતુ વેન્ટીલેટર ઓપરેટ કરે તેવા સ્ટાફની નિયુક્તિ કરી ન હોવાથી વેન્ટીલેટરના અભાવે અત્યાર સુધીમાં ૨૫ થી વધુ લોકોના મોત નિપજ્યા છે. વેન્ટીલેટર શો પીસ માટે અપાયા છે..??



### બાયડના વધુ એક શિક્ષકને કોરોના ભરખી ગયો

બાયડ અને તેના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાએ ભયંકર સ્વરૂપ ધારણ કર્યું છે. ટપોટપ કોરોનાગ્રસ્ત દર્દીઓ મોતને ભેટી રહ્યા છે. બાયડ તાલુકાની લાંક-૨ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા મૂળ મેઘરજના વતની વિજયભાઈ નરસિંહભાઈ દરજી કોરોનાગ્રસ્ત થયા પછી સારવાર દરમ્યાન મોત નિપજતાં પ્રા.શિક્ષક આલમમાં શોક છવાયો છે.

